Friday
03.03.2023
*Volume :7 * Issue No.213
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ G20ના વિદેશ મંત્રીની બેઠકને સંબોધન કર્યું

## "વિશ્વ યુદ્ધ પછીનું વૈશ્વિક શાસન તેના ભવિષ્યના યુદ્ધોને રોકવા અને સામાન્ય હિતોના મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપવાના બંને આદેશોમાં નિષ્ફળ ગયું"

### એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય' હેતુની એકતા તેમજ ક્રિયાની એકતાની જરૂરિયાતનો સંકેત આપે છે



કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો સંદેશ દ્વારા ૨૨૦ ના વિદેશ મંત્રીની બેઠકને સંબોધન કર્યું હતું. સભાને સંબોધન કરતા, પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું કે શા માટે ભારતે તેના G20 પ્રમુખપદ માટે 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય'ની થીમ પસંદ કરી. તેમણે સમજાવ્યું કે તે હેતુની એકતા તેમજ ક્રિયાની એકતાની જરૂરિયાતનો સંકેત આપે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આજની બેઠક સામાન્ય અને નક્કર ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે એકસાથે આવવાની ભાવનાને પ્રતિબિંબિત કરશે. બહુપક્ષીયતા આજે વિશ્વમાં કટોકટીની સ્થિતિમાં છે તે સ્વીકારતા, પ્રધાનમંત્રીએ બે મુખ્ય કાર્યો તરફ ધ્યાન દોર્યું હતું જે બીજા વિશ્વ યુદ્ધ પછી સર્જાયેલા વૈશ્વિક શાસનના આર્કિટેક્ચર દ્વારા સેવા આપવાના હતા. તેમણે સમજાવ્યું કે પ્રથમ, તે સ્પર્ધાત્મક હિતોને સંતુલિત કરીને ભવિષ્યના યુદ્ધોને અટકાવવાનું હતું, અને બીજું, સામાન્ય હિતોના મુદ્દાઓ પર આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપવાનું હતું. છેલ્લા કેટલાક વર્ષોમાં નાણાકીય કટોકટી, આબોહવા પરિવર્તન, રોગચાળો, આતંકવાદ અને યુદ્ધોનું અવલોકન કરતાં, પ્રધાનમંત્રીએ તેના બંને આદેશોમાં વૈશ્વિક શાસનની નિષ્ફળતાની નોંધ લીધી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે આ નિષ્ફળતાના દુઃખદ પરિણામો મોટાભાગે તમામ વિકાસશીલ દેશો ભોગવી રહ્યા છે અને વિશ્વ પર વર્ષોની પ્રગતિ પછી ટકાઉ વિકાસ પર નાબૂદ થવાનું જોખમ છે. પ્રધાનમંત્રીએ એ પણ નોંધ્યું હતું કે ઘણા વિકાસશીલ દેશો તેમના લોકો માટે ખોરાક અને ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરતી વખતે બિનટકાઉ દેવા સાથે સંઘર્ષ કરી રહ્યા છે. તેમણે એ પણ નોંધ્યું કે તે વિકાસશીલ દેશો છે સમૃદ્ધ દેશો દ્વારા થતા ગ્લોબલ વોર્મિંગથી સૌથી વધુ પ્રભાવિત છે. "ભારતના G20 પ્રેસિડન્સીએ ગ્લોબલ સાઉથને અવાજ આપવાનો પ્રયાસ કર્યો છે", એવી પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કારણ કે તેમણે નિર્દેશ કર્યો હતો કે કોઈપણ જૂથ તેના નિર્ણયોથી સૌથી વધુ અસરગ્રસ્ત લોકોને સાંભળ્યા વિના વૈશ્વિક નેતૃત્વનો દાવોકરી શકે નહીં. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આજની બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે વૈશ્વિક વિભાજન છે અને વિદેશ પ્રધાનો તરીકે, તે સ્વાભાવિક છે કે ચર્ચાઓ દિવસના ભૌગોલિક-રાજકીય તણાવથી પ્રભાવિત થાય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, "આ તણાવને કેવી રીતે ઉકેલવો જોઈએ તે અંગે આપણા બધાની સ્થિતિ અને આપણો દ્રષ્ટિકોણ છે." તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિશ્વની અગ્રણી અર્થવ્યવસ્થાઓ તરીકે, જેઓ આ રૂમમાં નથી તેમના પ્રત્યેની જવાબદારી આપણી છે. "વૃદ્ધિ, વિકાસ, આર્થિક સ્થિતિસ્થાપકતા, આપત્તિની સ્થિતિસ્થાપકતા, નાણાકીય સ્થિરતા, આંતરરાષ્ટ્રિય અપરાધ, ભ્રષ્ટાચાર, આતંકવાદ અને ખાદ્ય અને ઊર્જા સુરક્ષાના પડકારોને હળવા કરવા માટે વિશ્વ ૨૨૦ તરફ જુએ છે". પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આ તમામ ક્ષેત્રોમાં સર્વસંમતિ બનાવવા અને નક્કર પરિણામો આપવાની ક્ષમતા ૨૨૦ પાસે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે જે મુદ્દાઓ સાથે મળીને સંબોધિત કરી શકાતા નથી તેવા ઠરાવો એ ઉકેલી શકાય તેવા મુદ્દાઓના માર્ગમાં ન આવવા જોઈએ. આ બેઠક ગાંધી અને બુદ્ધની ભૂમિમાં થઈ રહી છે તેના પર ભાર મૂકતા, પ્રધાનમંત્રીએ મહાનુભાવોને ભારતના સભ્યતાના સિદ્ધાંતોમાંથી પ્રેરણા લેવા વિનંતી કરી કે જે આપણને વિભાજિત કરે છે તેના પર નહીં, પરંતુ આપણને બધાને એક કરે છે તેના પર ધ્યાન કેન્દ્રીત કરે. કુદરતી આફતોમાં હજારો લોકોના જીવ ગુમાવ્યા અને વિશ્વને જે વિનાશક રોગચાળાનો સામનો કરવો પડ્યો તેના પર પ્રકાશ ફેંકતા, પ્રધાનમંત્રીએ નોંધ્યું કે કેવી રીતે તણાવ અને ઉથલપાથલના સમયમાં વૈશ્વિક સપ્લાય ચેન તૂટી ગઈ છે. સ્થિર અર્થવ્યવસ્થાઓ અચાનક દેવું અને નાણાકીય કટોકટીથી ડૂબી ગઈ હોવાનું અવલોકન કરીને, પ્રધાનમંત્રીએ આપણા સમાજો, અર્થતંત્રો, આરોગ્ય સંભાળ પ્રણાલી અને ઈન્ફ્રાસ્ટ્રકચરમાં સ્થિતિસ્થાપકતા બતાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. "એક તરફ વૃદ્ધિ અને કાર્યક્ષમતા અને બીજી તરફ સ્થિતિસ્થાપકતા વચ્ચે યોગ્ય સંતુલન શોધવામાં ૨૨૦ની મહત્વપૂર્ણ ભૂમિકા છે", એવી પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી. તેમણે સૂચન કર્યું કે સાથે મળીને કામ કરીને આ સંતુલન વધુ સરળતાથી મેળવી શકાય છે. સંબોધન સમાપ્ત કરતાં, પ્રધાનમંત્રીએ સામૂહિક શાણપણ અને ક્ષમતામાં વિશ્વાસ વ્યકત કર્યો હતો અને આશા વ્યકત કરી હતી કે આજની બેઠક મહત્ત્વાકાંક્ષી, સર્વસમાવેશક અને કાર્યલક્ષી બની રહેશે જ્યાં મતભેદોથી ઉપર ઊઠીને ઠરાવો કરવામાં આવશે.

## વડોદરા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ ૩૭ લાભાર્થીને રૂ.૨ લાખની સહાય ચૂકવાઈ

### તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ



કમલમ્ ન્યુઝ, તા.૦૨

સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું છે કે, રાજ્યમાં તીવ્ર દિવ્યંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજયમાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે.

વિધાનસભા ખાતે વડોદરા જિલ્લામાં ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજનાના પ્રશ્નોના પ્રત્યુતરમાં મંત્રી શ્રીમતી બાબરીયાએ જણાવ્યું કે, ગરીબી રેખા હેઠળ જીવતી દિવ્યાંગ વ્યક્તિને આર્થિક રીતે સહાયરૂપ થવા માટે વર્ષ-૨૦૦૯થી આ યોજના અમલમાં છે. આ યોજનાનો મુખ્ય ઉદેશ તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યકિતના સર્વાંગી વિકાસ માટે નાણાકીય સહાય આપી સામાજિક ઉત્થાન કરવાનો છે. વડોદરા જિલ્લાના ૯ તાલુકાઓમાં આ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં ૩૭ અરજીઓ મળી હતી તે તમામ અરજીઓ મંજૂર કરીને રૂ.૨,૦૫,૪૦૦ની નાણાકીય સહાય ચૂકવાઈ છે તેમ તેમણે ઉમેર્યું હતું.

## ગુજરાત વિધાનસભામાં રાજયપાલશ્રીનું સંબોધન રાજયના વિકાસનું ચિત્ર રજૂ કરે છે :- મંત્રી ઋષિકેશ પટેલ



કમલમ્ ન્યુઝ,તા.૦૨

ગુરુવારે ગુજરાત વિધાનસભા ખાતે રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવની ચર્ચામાં ભાગ લેતા મંત્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું કે, આફતને અવસરમાં પરિણમવાનો ગુજરાતીઓનો મિજાજ રહ્યો છે.રાજ્ય પર આવેલી કુદરતી કે માનવસર્જિત તમામ આફતોમાં સરકાર પ્રજાની પડખે ઉભી રહીને સ્થિતિને પૂર્વવત કરવામાં હરહંમેશ કાર્યશીલ રહી છે. મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, કોરોનાના કપરા કાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અન્નપૂર્ણા બનીને દેશના ગરીબો માટે વિનામૂલ્યે અનાજ ઉપલબ્ધ કરાવ્યું છે. મંત્રીએ વધુમાં ઉમેર્યુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદાના માધ્યમથી રાજયના ગરીબ કુટુંબોને અન્ન સલામતી પૂરી પાડવામાં આવી રહી છે.રાજ્યના ૭.૮૪ લાખ અંત્યોદય કુટુંબને કુટુંબ દીઠ પ્રતિમાસ ૧૫ કિલો ઘઉં અને ૨૦ કિલો ચોખા આમ કુલ ૩૫ કિલો અનાજ વિતરણ વિનામૂલ્યે કરવામાં આવી રહ્યું છે. જયારે અગ્રતા ધરાવતા રાજયના ૩.૧૨ કરોડ જન સંખ્યાને પ્રતિમાસ પ્રતિવ્યક્તિ ૨ કિલો ઘઉં અને ૩ કિલો ચોખા મળીને ૫ કિલો અનાજનું વિતરણ કરવામાં આવે છે.ગુજરાતની જન સંખ્યાના અંદાજીત ૫૦ ટકા જેટલા લોકોને આ યોજનાને આ યોજનાનો લાભ મળી રહ્યો છે તેમ મંત્રીએ ઉમેર્યુ હતુ. મંત્રીએ ગૃહમાં રાજ્ય સરકાર દ્વારા પાણી ક્ષેત્રે કરવામાં આવેલી કામગીરી અંગે કહ્યું કે, રાજ્યની બહેનો માટે ઘરવપરાશ કે પીવા માટે કુવા કે તળાવે પીવાના પાણી ભરવા જવાની સ્થિતિ ભૂતકાળ બની છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશીતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજયમાં ૧૦૦ ટકા ગ્રામીણ ઘરોમાં નળ કનેકશન પૂર્ણ થયા છે. મંત્રીએ વધુમાં કહ્યું કે, રાજ્યના આદિવાસી વિસ્તાર, દુર્ગમ, ડુંગરાળ વિસ્તારો તેમજ જંગલમાં રહેતા લોકોને પાણીની વ્યવસ્થા માટે જે ઝઝુમવુ પડતું. આજે એસ્ટોલ જેવી યોજના તેમજ વિવધ પાણી પુરવઠા જુથ યોજનાઓ દ્વારા આ મુશકેલીઓ દૂર થઈ છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, આજે રાજ્યના વિવિધ ડેમ અને ચેકડેમોમાં પણ પીવાના પાણીના જથ્થા માટે પાણી આરક્ષિત કર્યું છે. રાજ્યના ૧૮ હજાર ૫૦૦ ગામોમાંથી ૧૪ હજાર ગામોમાં સરફેસ વોટર આધારિત જુથ પાણી પુરવઠા યોજનાઓ આપણે કાર્યરત કરી છે અને બાકીના જ્યાં સ્થાનિક સોર્સથી પાણી પહોંચાડી શકાય તેવું નથી તેવા ૪૫૦૦ ગામોમાં લોકલ સોર્સ આધારિત પાણી પહોંચાડવાનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું હોવાનું મંત્રી એ ઉમેર્યુ હતુ. તેમણે વધુમા કહ્યું કે,રાજયમાં ૩૧૧૨ કિ.મી.ની મુખ્ય પાઈપલાઈનનું નેટવર્ક પાથરીને રાજયના ૨૩૬ શહેરોને જૂથ પાણી યોજનાનું પાણી પહોંચાડવામાં સફળતા મળી છે. મંત્રીએ નર્મદા યોજના વિશે ભૂતકાળના સંસ્મરણો વાગોળતા કહ્યું કે, ભૂતકાળમાં નર્મદા યોજના માટે બોન્ડ બહાર પાડવામાં આવતા હતા . રૂ. ૩૦૦ કરોડના બોન્ડ ઈસ્યુને પણ મોટી સફળતા ગણાવમાં આવતી. ૩૦૦ કરોડની સામે ૫૭૪ કરોડ રૂપિયાની લોકો દ્વારા મેળવેલી મદદથી નર્મદા પ્રત્યેની ચાહ બતાવીને ગર્વ લેતા હતા.

વધુમાં સરદાર સરોવર યોજના પૂરી કરવા માટે ૧૮ ટકાના વ્યાજે પૈસા લઈ સરદાર સરોવર બંધના બાંધકામનું કામ પૂરું કરવાની ફરજ પડી હતી.શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતનું સુકાન સંભાળતા આ રૂપિયા પ્રજાને પરત કરીને સરદાર સરોવર યોજનાનું ભગીરથ કાર્ય પૂર્ણ કરવાનું બીડું ઝડપ્યું. મંત્રીએ વધુમાં જણાવ્યુ કે,રાજ્યને કુપોષણ મુક્ત સરકાર કટિબધ્ધ છે.રાજ્યમાં દર વર્ષે ૫૪ લાખ જેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવે છે.પાંચ વર્ષ સુધીની વયના બાળકોમાં ઘરે ઘરે તપાસ કરીને કુપોષણ લક્ષણો જણાતા આરોગ્ય વિભાગ દ્વારા સંચાલીત સંભાળ કેન્દ્રો અને સી.એમ.ટી.સી.માં કુપોષિત માંથી સુપોષિત કરવાના પ્રયાસો હાથ ધરાય છે.

## ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ મળેલી અરજીઓ મંજૂર કરી રૂ. ૫.૩૯ લાખ રકમ ચૂકવાઈ



કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનાની અમલવારી અંગે વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેનો ઉત્તર આપતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ ૧-૧-૨૦૨૨ થી ૩૧-૧૨-૨૦૨૨ સુધીના સમયગાળામાં કુલ ૩૨૦ અરજીઓ મળી હતી. જે પૈકીની તમામ અરજીઓને મંજૂર કરી કુલ રૂ. ૫,૩૯,૫૦૦ જેટલી રકમની ચૂકવણી પણ કરી દેવામાં આવી છે. દિવ્યાંગોને કેટલી શિષ્યવૃતિ મળી? તે જાણો?.. આ યોજનામાં મળતી સહાય અંગે વિસ્તૃત માહિતી આપતા મંત્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓને આ શિષ્યવૃત્તિ મળવા પાત્ર છે. જેમાં ધોરણ ૧ થી ૮ સુધીના બાળકોને અભ્યાસ માટે રૂ. ૧૫૦૦ તેમજ ધોરણ ૯ થી ૧૨ અને આઈટીઆઈ સમકક્ષ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૨૦૦૦ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓને હોસ્ટેલ માટે રૂ. ૨૫૦૦ ચૂકવવામાં આવે છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બીએ, બીએસસી જેવી સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે રૂ. ૩૦૦૦ અને હોસ્ટેલ માટે રૂ. ૩૭૫૦ આપવામાં આવે છે. બીઈ, બીટેક અને એમબીબીએસ સમકક્ષ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અભ્યાસ માટે રૂ. ૩૫૦૦ અને હોસ્ટેલ માટે રૂ. ૪૫૦૦ આપવામાં આવે છે. સાથે જ અનુસ્નાતક સમકક્ષ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂ. ૩૫૦૦ અને હોસ્ટેલ માટે તેઓને રૂ. ૪૫૦૦ ચૂકવવામાં આવે છે. સભ્ય દ્વારા અરજી મંજૂર કરવાની સત્તા અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપતા મંત્રીએ ઉમેર્યું હતું કે, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સહાય મેળવવા માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરવાની હોય છે. જેને મંજૂર કરવાની સત્તા સંબંધિત જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારીને આપવામાં આવેલી છે. તેમને મળેલી અરજીઓમાં જરૂરી પ્રમાણપત્રોની ચકાસણી કરીને અરજી મંજૂર કર્યા બાદ ડાયરેકટ બેંક ટ્રાન્સફર- ડીબીટીના માધ્યમથી સીધી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

## ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર (DBT) અને ડિજિટલ ઈન્ડિયા અભિયાન થકી રાજ્ય સરકારને રૂ.૧૧૦ કરોડની વાર્ષિક બચત

### અરજીથી સહાય મંજૂર થવા સુધીની તમામ કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ દ્વારા કરાઈ



કમલમ્ ન્યુઝ,તા.૦૨

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ વિધાનસભા ખાતે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજનાની વિગતો આપતાં જણાવ્યું હતું કે એક મહિલા સન્માન ભેર જીવન જીવી શકે તે માટે આર્થિક મદદ રૂપે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં પહેલા પોસ્ટ ઓફિસ મારફતે સહાયની રકમ પૂરી પાડવામાં આવતી હતી તે માટે પોસ્ટ ઓફિસને પાંચ ટકા કમિશન આપવું પડતું હતું.વર્ષ ૨૦૨૦ માં રાજ્ય સરકાર દ્વારા ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર (DBT)ની શરૂઆત કરવાથી રાજય સરકારને રૂ.૧૧૦ કરોડની વાર્ષિક બચત થાય છે. મંત્રીએ જણાવ્યું કે, અગાઉ અંતરિયાળ વિસ્તારમાં લાભાર્થીને સમયસર સહાય ન મળવાથી આર્થિક હાલાકી ભોગવવી પડતી હતી અને વચેટિયાઓની ફરિયાદ પણ રહેતી હતી. હવે સહાય ડી.બી.ટી.ના માધ્યમથી લાભાર્થીને સત્વરે મળે છે અને વચેટિયાની ફરિયાદ પણ દૂર થઈ છે.આ યોજના અંતર્ગત લાભાર્થીને સહાય મેળવવામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ ડિસેમ્બર ૨૦૨૦થી લાભાર્થીઓને અરજી કરવાથી સહાય મંજૂર થવા સુધીની તમામ કામગીરી ગ્રામ્ય કક્ષાએ અથવા શક્ય તેટલા નજીકના સ્થળે થઈ શકે તે માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે. જેથી લાભાર્થીઓને ગ્રામ્ય કક્ષાએથી જ અરજી કરવાનું સરળ બન્યું છે અને ફંડ ફાળવણીથી લઈ સહાય ચૂકવણીની પ્રક્રિયા સરળ બની છે. સાથેસાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડિજિટલ ઈન્ડિયાના સપનાને વેગ મળ્યો અને રાજ્યકક્ષાથી યોજનાનું મોનીટરિંગ પણ અસરકારક રીતે થ?ઈ રહ્યું છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે સમાજમાં ગંગા સ્વરૂપ મહિલાઓના પુનઃ લગ્નનો સ્વીકાર અને સુધારાત્મક અભિગમ સાકાર કરવા રાજ્ય સરકાર દ્વારા ગંગા સ્વરૂપ પુનઃ લગ્ન આર્થિક સહાય યોજના ૦૧ એપ્રિલ ૨૦૨૧થી અમલમાં મૂકાઈ છે. જેમાં સહાય પેટે ગંગા સ્વરૂપા યોજનાનો લાભ મેળવી યોજનામાં મહિલાને પુનઃ લગ્ન કરવા પર રૂ.૨૫ હજાર અને નાની બચત સ્વરૂપે રૂ.૨૫ હજાર એમ કુલ રૂ. ૫૦ હજારની સહાય લાભાર્થીના ખાતામાં ડાયરેકટ બેંક ટ્રાન્સફર દ્વારા જમા કરાવવામાં આવે છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

